# વાત્સલ્ય

વાત્સલ્ય શબ્દ કાને પડતાં જ સૌથી પહેલા આંખ સામે માનો ચહેરો તરવરે છે. એનાં પ્રેમ, ઉષ્મા, હૂંફ, લાગણી, કાળજી, કરુણાના વિચારોમાં મન ખોવાઈ જાય છે. વાત્સલ્યની આ ચરમસીમા છે. મન હિલોળે ચડે છે,

*મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,*
*એથી મીઠી તે મોરી માત રે,*
*જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.*

વાત્સલ્ય એટલે પ્રેમ, વાત્સલ્ય એટલે લાગણી, પ્રેમની તીવ્ર ઝંખના, માતાપિતાનો પ્રેમ. વાત્સલ્ય એટલે કોઈક વ્યક્તિનું ખૂબ ગમવું, એમાંય સ્પષ્ટ રૂપે મોટી, વડીલ વ્યક્તિને પોતાનાથી નાની વયની વ્યક્તિ માટે પ્રેમ હોવો, તેના સંરક્ષણની ઝંખના થવી, આમ વાત્સલ્ય ખૂબ નજીકના સ્વજનો અને પોતીકાઓમાં જ ઘેરાયેલું આપણે અનુભવીએ છીએ અને કલ્પીએ છીએ. વ્યક્તિ જ્યારે કોઈ વસ્તુ-વ્યક્તિને મહત્ત્વની સમજે, એને સંપૂર્ણ ટેકો આપવા ચાહે અને એનું રક્ષણ કરવા ચાહે એ વાત્સલ્ય છે. દેશ, વતન માટેનો પ્રેમ કંઈક આવો જ છે.

વાત્સલ્ય આ ઘેરાવામાંથી બહાર પણ અસ્તિત્વમાં છે. વાત્સલ્યની સોળ વ્યાખ્યા થઈ છે. શિવપુરાણ અનુસાર બ્રહ્માએ ભગવાન શિવને અંજીરના વૃક્ષની નીચે યોગિક ક્ષમતાઓ સાથે બેઠેલા જોયા. આ જ મુદ્રામાં બધા સંતોએ પણ એમને જોયા. શિવજીના વાત્સલ્ય ભાવે સૌ નતમસ્તક થઈ ગયા.

પુરાણો પ્રેમમય કરુણાનો ઉલ્લેખ કરે છે, એમાં સાંસ્કૃતિક ઇતિહાસ, ધાર્મિક રીતરિવાજ, વિવિધ કલા અને વિજ્ઞાનનો સમાવેશ થાય છે. એ સૌમાં પ્રેમમય રસભાવ દર્શાવ્યો છે.

કરુણા સાથે મેત્તાનો ઉલ્લેખ થાય છે, જોકે બંનેના અર્થમાં નજીવો ફરક છે. મેત્તા એટલે 'સર્વ જન સુખાય' અને કરુણા એટલે એક એવી ઇચ્છા કે પ્રત્યેક વ્યક્તિ કોઈ પણ પ્રકારનાં દુ:ખથી મુક્ત રહે. બૌદ્ધ ધર્મમાં આ અહમ્ ભૂમિકા ભજવે છે. મેત્તા સ્વાર્થ, ગુસ્સો અને ભયનું મારણ છે.

સંસ્કૃત ભાષામાં વાત્સલ્યનો ભાવ એટલે સામાન્ય રીતે ખૂબ કૂણી લાગણી હોવી. એમાં સ્વજનો અર્થાત્ પુત્ર કે પતિથી આ ભાવ વિસ્તરે છે. ભાર્યા અર્થાત્ પત્ની, પ્રજા કે શરણાગતે આવેલા લોકો પ્રત્યે પ્રેમભાવ રાખવો એ વાત્સલ્ય છે. પોતાની સંતતિ પ્રત્યે ભેદભાવ સાથે વધુ પ્રેમ હોવો એ સ્વાભાવિક વાત્સલ્ય જણાય છે.

હિન્દી સાહિત્ય અનુસાર કોઈ વ્યક્તિ પ્રત્યે વિશેષ સ્નેહ હોવો, માયા લાગવી, કોઈનામાં વિશેષ રસ હોવો, કોઈ પ્રત્યે વિશેષ લાગણીથી મનમાં ખુશી ઝળકવી, એ વાત્સલ્ય છે.

વાત્સલ્યનો એક અર્થ કરુણા અથવા દયાભાવ છે અને ક્યારેક તે પોતાની જાત માટે કરુણા કે આધ્યાત્મિક સ્તરે ઊંચા ઊઠવાની પ્રબળ ઇચ્છા હોય છે. પૌર્વાત્ય ધર્મો જેવા કે હિંદુ, બૌદ્ધ, શીખ અને જૈન ધર્મોમાં આધ્યાત્મિકતાનો અભિગમ નોંધપાત્ર છે.

જૈન ધર્મમાં 'પ્રેમાળ કરુણા' તરીકે વાત્સલ્યનો ઉલ્લેખ છે, જે યોગ્ય અને સાચી માન્યતા એટલે કે સમ્યક્ત્વનો પર્યાય છે. સામન્તભદ્ર એમના રત્ન-કારંડ-શ્રાવકસારમાં જણાવે છે કે પોતાના સમુદાયના લોકો માટે કપટરહિત અને સાચી લાગણી હોય એ વાત્સલ્ય છે. આ ભાવ એક ગાયને પોતાના વાછરડા માટે હોય એવો હોવો જોઈએ. સોમદેવ તેમના યશસ્તિલકમાં વાત્સલ્યને વૈયાવૃત્ય, વિનય અને ભક્તિ સાથે સાંકળે છે. વિનયનો સંદર્ભ તમામ એવા લોકો કે જેઓ માન મેળવવાને પાત્ર છે અને તીર્થંકરો, ગુરુઓ અને શાસ્ત્રો પ્રતિ ભક્તિ દર્શાવે છે.

જૈન ધર્મમાં સાતમું અંગ એટલે કે જરૂરિયાત વાત્સલ્ય છે, જે 'આધ્યાત્મિક મહેચ્છા સેવતાં બધાં બંધુ અને ભગિનીઓ' માટે

લાગણી હોવી. વિશ્વાસના સાચા રાહ પર પ્રયાણ કરવા એ જરૂરી છે. વાત્સલ્ય એટલે કોઈ પણ રસ ધરાવ્યા વગર, કોઈ પણ આશા કે અપેક્ષા રાખ્યા વગર, વિશ્વ બંધુત્વની ભાવના સાથે સ્વાર્થ વગર, મોક્ષ મેળવવાની દૃઢ ઇચ્છા હોવી. આ કોઈ પણ સંસ્થા માટે લાગુ પડે છે. હિસ્સેદારી રાખવી અને કાળજી લેવી એ વાત્સલ્યના મહત્ત્વના ભાગ છે, પરંતુ આ સૌની શરૂઆત સ્વથી અને સ્વજનોના ઘરથી થવી જોઈએ.

# પાડોશી

રાજસ્થાનમાં દુષ્કાળ દરમિયાન સરકારે રાહતકાર્યો શરૂ કર્યાં, પણ શરત એ હતી કે એક માણસને મહિનામાં માત્ર વીસ દિવસ કામ મળે અને એ પણ એક ઘર છોડીને બીજા ઘરના રળનારા કામે જાય. તો બાકીના દસ દિવસનું શું? આ સીમાંત, ગરીબ, નિરાધાર લોકોને ત્યાં ચૂલો દિવસમાં એક જ વાર સળગે, પણ કોઈ ભૂખ્યું નહોતું સૂતું. દરેક પરિવાર, જેને રોજી મળી હોય, તે પાડોશીના ઘેર પણ રોટલા મૂકી આવે અને પછી જ પોતે ખાય. આ ખરેખરો પાડોશી ધર્મ. પાડોશી ભૂખે સૂવે તો તેનું પેટ બળે.

પાડોશી એટલે આપણી બાજુમાં, પડખે બેઠેલી વ્યક્તિ, બાજુના બારણે રહેતી કે શેરીમાં કે આપણી આસપાસ રહેતી વ્યક્તિ જે આપણા સગાંસંબંધીઓ કરતાં પણ આપણી વધુ નજીક રહે છે. અણીના સમયે, મુશ્કેલ ઘડીએ સૌ પહેલો કોલ પાડોશીને જ કરાય છે અને એથી જ કહ્યું છે કે પહેલો સગો તે પાડોશી. આપણે સ્વભાવે સામાજિક પ્રાણી છીએ. સામાજિક આદાનપ્રદાન, ઘનિષ્ઠતા કેળવવી કે સાથસંગાથ કેળવવો એ આપણા જીવન માટે ખૂબ મહત્ત્વનું છે.

આમ છતાં એવા તે કયા પાડોશી છે, જે જિંદગીભર સાથે રહેવા છતાં એકબીજાને મળતા નથી? એ છે આપણી બે આંખો. આઇનામાં આપણે એમનું પ્રતિબિંબ જોઈએ છીએ, આપણને એ જગત નિહાળીને બધી બાબતથી સભાન કરાવે છે, પણ ક્યારેય ભેગી થતી નથી. અહીં મને અમેરિકન રહેણીકરણી યાદ આવે છે. સારો પાડોશી એ છે કે જે તમને સ્મિત આપે, મીઠી વાતો કરે, હૂંફાળું જોડાણ રાખે, હળીમળીને રહે, કજિયા-કંકાસ ના કરે, પણ ક્યારેય તમારો ઉંબરો ઓળંગીને ઘરમાં નહિ પ્રવેશે. અને છતાંય પાડોશી ધર્મ નિભાવશે.

સારા પાડોશી એ છે, જેમના પર વિશ્વાસ મૂકી શકાય, જે સદ્વ્યવહારુ હોય, મૈત્રી ભાવ રાખે, અડધી રાતે મદદ માટે હાજર હોય, તમારી કાળજી લે. સારો પાડોશી એટલે આપણને મળેલો ખજાનો છે. સારા પાડોશી ધર્મના દરજ્જા, ચામડીનો રંગ, જાતિ, રાજકીય મંતવ્યો કે સંસ્કૃતિને આધારે નથી બનતા, પણ તમે કેટલો સારો વ્યવહાર કરો તેના આધારે બને છે. માણસ જાતીય પ્રશ્નો, પરિવાર, જીવનસાથી, માતાપિતા, બાળકો, સમાન મત ધરાવતા લોકો સાથે જ્યારે વાત નથી કરી શકતો, ત્યારે એ પાડોશી પાસે પોતાનું દિલ ખોલે છે. પોતાનાં દૂષણો સામે યુદ્ધે ચડો, પણ પાડોશી સાથે હંમેશાં શાંતિથી રહો. કારણ લોકો જાણે છે કે શેતાનને મૂર્ખ બનાવી શકાશે, પણ પાડોશીને નહિ જ. સારો પાડોશી તમારા બાહ્યાડંબરને ગણકારતો નથી, પણ ગમે તે રીતે, આંતરિક સૂઝથી તમારી આંતરિક ગુણવત્તા, સારપને સમજી લે છે અને દરેક પરિસ્થિતિમાં તમારો સાથ આપે છે.

જગતમાં દૃષ્ટિ કરીએ તો દેશ-દેશ પણ પાડોશી બને છે. ઇતિહાસ આપણને મિત્રો બનાવે છે, અર્થશાસ્ત્ર ભાગીદાર બનાવે છે, જરૂરિયાતો ઊભી થતાં જોડાણ કરાવે છે, પણ ભૌગોલિક પરિસ્થિતિ આપણને પાડોશી બનાવે છે. એક રાષ્ટ્ર તરીકે આપણે પુનઃશિક્ષિત થવાની જરૂર છે, જેથી મનુષ્યને આપણે સાચો માનવી બનાવી શકીએ.